-

ipc-188 BP ACT-131.

**ફોજદારી કેસ નં : ૩૨૭૭૯/ ૧૮**

**આંક–૪**

## :: હુકમ ::

(૧) આ કામના હાલના આરોપી વિરુધ્ધમાં ઈ.પી.કો.ક.૧૮૮ અને બો.પો.એ.ની કલમ :૧૩૧,મુજબ નો ગુનો દાખલ થયેલ છે.આરોપી વિરુધ્ધ એવો આક્ષેપ છે કે આરોપી એ તા.૨૦–૦૨–૧૮,ના કાલુપુર કેશ કેબીન પાસે પોતાના કબજાની ઓટોરીક્ષા ગાડી જી.જે.૨૭.સી.ઝેડ.૦૬૭૫,ની પ્રતિબંધીત વિસ્તાર માં વગર પાસ પરમીટે ચલાવી પો.કમી. શ્રી ના જાહેરનામા નો ભંગ કરેલો જે અંગે તેઓની સામે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી આજરોજ હાજર થઈ ગુના કબુલાતની પુરસીસ આપી ગુનો કબુલ કરે છે.આરોપીને સમજાવવામા આવે છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને જો ગુનો કબુલ કરશે તો પુરસીસ નો ઉપયોગ તેમની વિરુધ્ધમાં પુરાવા તરીકે યોગ્ય તે હુકમ કરવામાં આવશે.ત્યારબાદ આરોપીએ ગુનો કબુલ કરેલ છે જેથી આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે.

(૩) આરોપીને સજા બાબતે પુછતા આરોપી જણાવે છે કે તેમનો પ્રથમ ગુનો છે અને ગુના બદલ તેમને પસ્તાવો થાય છે.અને આરોપી ભવિષ્યમાં આવા પ્રકાર નો કોઈ ગુનો કરેલ નથી જેથી તેમની ઉપર દયા રાખવા અરજ ગુજારે છે.

(૪) આરોપીની રજુઆત ધ્યાને લીધી આરોપીનો આ પ્રથમ ગુનો છે અને અગાઉ આવા પ્રકાર નો કોઈ ગુનો કરેલ નથી અને ગુના બદલ આરોપી પસ્તાવો વ્યકત કરે છે.આમ આ તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને વધુ સજા નહી કરતા નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## –// હુ ક મ //–

//૧//   આરોપીને આઈ.પી.સી.ની કલમ:૧૮૮,ના ગુના માટે ક્રી.પ્રો.કો. ક.૨૫૨, અન્વયે તકસીરવાન ઠરાવી  રુ:૨૦૦–દંડ (અંકે રુપીયા બસો પુરા)..પુરાનો દંડ કરવામાં આવે છે.જો દંડ ન ભરે તો ૩, દિવસ ની સાદી કેદ ની સજા કરવામાં આવે છે.

//૨//   આરોપીને જી.પી.એકટની કલમ:૧૩૧,ના ગુના માટે ક્રી.પ્રો.કો. ક.૨૫૨, અન્વયે તકસીરવાન ઠરાવી  રુ:૧૦૦–દંડ (અંકે રુપીયા એકસો પુરા)..પુરાનો દંડ કરવામાં આવે છે.જો દંડ ન ભરે તો ૩, દિવસ ની સાદી કેદ ની સજા કરવામાં આવે છે.

આરોપીને કુલ દંડ રુ:૩૦૦(અંકે રુપીયા ત્રણસો )કરવામાં આવે છે.

મુદામાલ વચગાળાના કબજાથી સોપેલ છે તે હુકમ કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કરયો.

**તા.૦૫ /૦૪ /૨૦૧૮**
**સ્થળ: અમદાવાદ.**

**(પી.કે.લોટીઆ )**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. ૧૬,અમદાવાદ.**
UNIQUE CODE GJ00480

એસ.બી.રાઠોડ.પી.એ.